# ૧૪ ઓગષ્ટ –૨૦૧૬ (રવિવાર)

**(૧) અખંડ ભારત સ્મૃતિ દિન**

**(૨) પ્રમુખસ્વામી બ્રહ્મલીન થયા :**

- તીર્થધામ સાળંગપુર ખાતે શ્રાવણ વદ ૧૦ ને તા.૧૩–૮–૨૦૧૬ના રોજ સાંજે ૬ કલાકે બોચાસણવાસી અક્ષરપુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના વડા પ્રમુખસ્વામી મહારાજે અક્ષરધામ ગમન કર્યું.
- ભગવાન સ્વામીનારાયણ પાંચમાં આધ્યાત્મિક વારસદાર પ્રમુખસ્વામી મહારાજનો જન્મ ૭ ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચાણસદ ગામે થયો હતો.
- બાળપણનું નામ : શાંતિલાલ
- માત્ર ૧૮ વર્ષની વયે તેમણે શાસ્ત્રીજી મહારાજના હસ્તે અમદાવાદમાં આમલીવાળી પોળમા તા.૨૨–૧૧–૧૯૩૯ના રોજ પાર્ષદની દિક્ષા લીધી.
- ત્યારબાદ ૧૦ જાન્યુઆરી, ૧૯૪૦ના રોજ ગોંડલ અક્ષર દેરીમાં ભાગવતી દિક્ષા લીધી અને શાંતિલાલમાંથી તેઓ નારાયણસ્વરૂપદાસ સ્વામી બન્યા.
- શાસ્તરીજી મહારાજની આજ્ઞાથી ભાદરણ, ખંભાત અને અમદાવાદ ભિક્ષા માંગીને નિર્વાહ કરતા કરતાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો.
- સંસ્કૃતના ગહન અધ્યન બાદ શાસ્ત્રીજી મહારાજે તેમને શાસ્ત્રી મહીને સંબોધ્યા ત્યારથી તેઓ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી બન્યા.
- વિક્રમ સવંત ૨૦૬૬, જેઠ સુદ ચોથ તા.૨૧–૫–૧૯૯૦ રવિવારના રોજ શાસ્ત્રીજી મહારાજે ૨૮ વર્ષના નારાયણસ્વરૂપદાસને ચાદર ઓઢાડી બીએપીએસ સંસ્થાના પ્રમુખપદ પોતાના સ્થાને નિયુક્ત કર્યા આથી તેઓ સૌના લાડીલા 'પ્રમુખસ્વામી' બન્યા.
- બોચાસણવાસી અક્ષરપુરૂષોત્તમ સ્વામી નારાયણ સંસ્થાની સ્થાપના પુ. શાસ્ત્રીજી મહારાજે કરી હતી.
- તેમણે બોચાસણમાં મંદિર બનાવ્યુ જે ગાદીસ્થાન ગણાય છે.
- બાદમાં સાળંગપુર, ગોંડલ, અટલાદરા અને ગઢડામાં મંદિરના નિર્માણ કર્યા.
- સ્વામીનારાયણ ભગવાનના અનન્ય ભક્ત ગુણાતીતાનંદ સ્વામીનું સમાધીસ્થાન અક્ષરદેહો ગોંડલ અક્ષર મંદિરમાં છે.
- તેમજ બીએપીએસ સંસ્થાના દ્વિતીય ધર્મગુરૂ યોગીજી મહારાજે અહીં ૪૦ વર્ષ સૂધી મહંત તરીકે સેવા આપી હતી, પ્રમુખસ્વામી તેમના પરમ શિષ્ય હતા.
- વર્ષ ૧૯૭૧માં બીએપીએસ સંસ્થાના દ્વિતીય ગુરૂદેવ યોગીજી મહારાજના અનુગામી તરીકે તેઓ લાખો ભક્તોના ગુરૂપદે બિરાજમાન થયા હતાં.
- પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ પણ પ્રમુખસ્વામી થી ખૂબ જ પ્રભાવતી હતા. તેમણે પ્રમુખસ્વામી પર એક પુસ્તક પણ લખ્યું હતું. 'ટ્રાન્સેન્ડન્સ : માય સ્પિરિચ્યુઅલ એક્સપિરિયન્સિઝ વીથ પ્રમુખ સ્વામીજી'
- સર્વધર્મ પ્રત્ય સહ્રદયતા દર્શાવવા શાસ્ત્રીજીની વૈશ્વિક પ્રતિભાને કારણે સન ૨૦૦૦માં યુનોમાં 'વિશ્વશાંતિ પરિષદ' માં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે વિશ્વને શાંતિ અને એક્તાનો સંદેશો પાઠવવા તેઓને નિમંત્રીત કરવામાં આવ્યા
- યુનોમાં ગુજરાતીમાં ભાષણ આપનાર તેઓ સૌપ્રથમ સંત હતા
- તેઓ રોજ ૪૦૦ પત્રોના જવાબ હતા તથા દેશ–વિદેશમાં સૌથી વધુ ૪૦૦ મંદિરો બાંધ્યા હતા.
- લંડનમાં તેમણે સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું જે ભારત બહાર સૌથી મોટા હિંદુ મંદિર તરીકે 'ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' માં સ્થાન પામ્યું છે.
- પ્રમુખસ્વામી ગાદીપતિ થયા પછી પહેલું મંદિર બારડોલીના સાંકરીમાં બનાવ્યું હતું.
- તેમના હસ્તે ગુજરાતું પ્રથમ આરસ શિખરબદ્ધ મંદિરનું શિલાન્યાસ થયુ હતું અને એમના સંકલ્પે જ નવસારીમાં ગુજરાતનું પ્રથમ આરસનું સ્વામીનારાયણ મંદિર આકાર લેશે.
- પ્રમુખસ્વામી પછી હવે તેનો આધ્યાત્મિક વારસો તેમની ઇચ્છા પ્રમાણે પૂજ્ય મહંત સ્વામી સંભાળશે.
- મહંતસ્વામનું દીક્ષિતનામ સ્વામી કેશવજીવનદાસ છે. 'કેશવ' નામ તેમને તેમની બાલ્યાવસ્થામાં શાસ્ત્રી મહારાજે આપ્યું હતું.
- મહંત સ્વામીનો જન્મ ૧૩–૯–૧૯૩૩ ના રોજ મધ્યપ્રદેશના જબલપુર ખાતે થયો હતો.
- બાલ્યાવસ્થામાં 'વિનુ' નામથી જાણીતા મહંતસ્વામી ૧૯૫૧–૫૨ માં યોગીજી મહારાજના સંપર્કમાં આવ્યા અને ૧૯૫૭માં વસંત પંચમીના દિવસે પાર્ષદી દિક્ષા લીધી.
- પ્રમુખસ્વામી મહારાજની અંતિમવિધિ તા. ૧૭–૮–૨૦૧૬ ના બપોરે ૩ વાગ્યે કરવામાં આવશે. આ દરમિયાન લાખો હરી ભક્તોની દર્શનવિધિ ગોઠવવામાં આવી છે.
- સંપ્રદાયની આધ્યાત્મિક પંરપરા
  - ભગવાન સ્વામીનારાયણ (૧૭૮૧–૧૮૩૦)
  - અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી (૧૭૮૫–૧૮૬૭)
  - બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ (૧૮૨૯–૧૮૯૭)
  - બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ (૧૮૬૫–૧૯૫૧)
  - બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (૧૮૯૨–૧૯૭૧)
- બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીજી મહારાજ (૧૯૨૧–૨૦૧૬)

**(૩) ૨૦૧૭ થી રેલવે બજેટ અલગ રજુ નહીં થાય**

- આગામી નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ થી રેલવે બજેટ અલગથી રજુ નહીં થાય
- રેલવે બજેટને સામાન્ય બજેટ સાથે રજૂ કરવાની

દરખાસ્તનો નાણા મંત્રાલયે સ્વીકાર કરતાં ૧૯૨૪ થી અલગ રેલવે બજેટ રજુ કરવાની પરંપરાનો અંત આવશે.

- નીતિપંચના સભ્ય વિવેક દેવરોય અને કિશોર દેસાઇની બનેલી બે સભ્યોની સમિતિએ રેલવે બજેટ અલગથી રજૂ કરવાની પરંપરા પૂર્ણવિરામ મુકવાની ભલામણ કરી.
- સામાન્ય બજેટ સાથે જ રેલવે બજેટ રજુ થતા રેલવે મંત્રાલય પણ અન્ય મંત્રાલયોની કક્ષામાં આવી જશે.
- નાણામંત્રાલય હસ્તક એ બજેટરી ફાળવણીઓ મેળવશે.
- તે પછી ટપાલ વિભાગના મોડેલ મુજબ રેલવે મંત્રાલય તેને મળેલા ભંડોળનો ઉપયોગ કરશે.

**(૪) વાંગ યી–ચીની વિદેશ મંત્રી**

- ચિનના વિદેશમંત્રી વાંગ યી ભારતનો ત્રણ દિવસની મુલાકાતે
- આગામી બ્રિક્સ શીખર સંમેલન ઓક્ટોબરમાં ગોવા ખાતે યોજાનાર છે તેથી તેમણે ગોવાની પણ મુલાકાત લીધી હતી.

**(૫) ઓએનજીસી**

- ઓઇલ એન્ડ નેચરલ ગેસ કંપની
- ભારત સરકારની માલિકીની આ કંપનીની સ્થાપના ૧૪ ઓગસ્ટ, ૧૯૫૬ માં થઇ હતી.
- હેડક્વાટર : 'તેલભવન' – દહેરાદુન, ઉત્તરાખંડ
- ભારતની જરૂરીયાતનું ક્રુડ ઓઇલ ૭૭% ઉત્પાદન ઓએનજીસી દ્વારા થાય છે.
- ચેરમેન : દિનેશકુમાર શરફ
- પ્રોડક્ટ : પેટ્રોલિયમ પ્રોડક્ટ, નેચરલ ગેસ અને પેટ્રોકેમિકલ્સ
- ઓએનજીસીની સ્થાપનાના ૬૦ વર્ષ પૂર્ણ થવાના અવસર પર ઓએનજીસી દેશને રૂા. ૧૦૦ કરોડ આપશે.
- આ ૧૦૦ કરોડનો ઉપયોગ સ્ટાર્ટ અપ ફંડ તરીકે થશે. જેમાં જરૂરીયાતમંદોને ઓઇલને લગતા અને ગેસ સેક્ટરને લગતા સ્ટાર્ટ અપ બિઝનેસ માટે લોન આપવામાં આવશે.

પ્રશ્નો :

(૧) ઓએનજીસીનું પુરૂનામ લખો.
- ઓઇલ એન્ડ નેચરલ ગેસ કંપની

(૨) ઓએનજીસી સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૪ ઓગસ્ટ ૧૯૫૬

(૩) ઓએનજીસીનું હેડક્વાટર ક્યાં આવેલું છે ?
- દહેરાદુન, ઉત્તરાખંડ

(૪) ઓએનજીસીના ચેરમેન કોણ છે ?
- દિનેશકુમાર શરફ

(૫) ઓએનજીસી તેના ૬૦ વર્ષ પૂર્ણ થવાના અવસર પર દેશને કેટલું સ્ટાર્ટઅપફંડ આપશે ?
- રૂા. ૧૦૦ કરોડ

(૬) ભારતમાં સામાન્ય બજેટથી રેલવે બજેટને અલગ રજુ કરવાની પંરપરા ક્યારે શરૂ થઇ હતી ?
- ૧૯૨૪

(૭) કઇ સમિતિની ભલામણના આધારે આગામી વર્ષથી રેલવે બજેટ અલગથી રજુ નહીં થાય ?
- વિવેક દેવરોય અને કિશોર દેસાઇ

(૮) ચિનના વિદેશમંત્રીનું નામ જણાવો.
- વાંગયી

(૯) આગામી બ્રિક્સ શીખર સંમેલન ક્યાં યોજાશે ?
- ગોવા

(૧૦) પ્રમુખસ્વામી બ્રહ્મલીન થયા બાદ તેનો આધ્યાત્મિક વારસો કોણ સંભાળશે ?
- મહંત સ્વામી (સ્વામી કેશવજીવનદાસ)

(૧૧) યુનો તરફથી કયાં વર્ષમાં પ્રમુખસ્વામીને 'વિશ્વશાંતિ પરીષદ'માં હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે નિયંત્રીત કરાયી હતી ?
- ૨૦૦૦

(૧૨) પ્રમુખસ્વામી ઉપર લીખીત ડૉ. અબ્દુલ કલામના પુસ્તકનું નામ લખો.
- ટ્રાન્સેન્ડન્સ : માય રિયરિચ્યુઅલ એક્સપિરિયન્સિઝ વીથ પ્રમુખ સ્વામી

(૧૩) પ્રમુખસ્વામી મહારાજનું બાળપણનું નામ શું હતું ?
- શાંતિલાલ

(૧૪) પ્રમુખસ્વામી મહારાજનો જન્મ કયાં થયો હતો ?
- ચાણસદ, તા–પાદરા, જિ. વડોદરા

(૧૫) અખંડભારત દિન ક્યારે મનાવાય છે ?
- ૧૪ ઓગસ્ટ